# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-૩, જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,સુરત.

Phone No: ०२६१-२६६२९०२, Email Id : suratdeo@gmail.com

જા.નં/મા-૩/વર્ગ ઘટાડો/૨૦૨૫/૧૦૦૦૬ તા.૧૩-૦૮-૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત. જિ.સુરત.

**વિષય** :- ગ્રાન્ટેડ શાળામાં વર્ષ – ૨૦૨૫-૨૬માં વર્ગ ઘટાડો કરવાની દરખાસ્ત મોકલવા બાબત.

**સંદર્ભ** :- (1) શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક : ED/GOM/e-file/3/2023/3163/G-1, તા.૨૧-૧૦-૨૦૨૪

(2) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મા-૩/વર્ગ ઘટાડો./૨૦૨૫/૯૬૦૬ તા.૦૧-૦૮-૨૦૨૫

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-૧ના ઠરાવ અને સંદર્ભ-૨ મુજબ અત્રેની કચેરીના તાબા હેઠળની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં વિધાર્થીઓની સંખ્યા નિયમ અનુસાર જળવાતી ન હોય તો તેમણે વર્ગ ઘટાડાની દરખાસ્ત અત્રેની કચેરીને સમયમર્યાદામાં કરવાની રહેશે તેમ જણાવેલ. જે શાળાઓમાં વર્ગ ઘટાડો થવા પાત્ર છે અને દરખાસ્ત કરેલ ન હોય તો તેમણે દરખાસ્ત તાત્કાલિક કરવાની રહેશે.સમયમર્યાદામાં દરખાસ્ત રજૂ કરવામાં નહિ આવે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી સબંધિત આચાર્યશ્રીની અને શાળા મંડળની રહેશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત.

**નકલ રવાના તેમજ કાર્યવાહી કરવા સારૂ** :-

- શિક્ષણ નિરીક્ષકશ્રી તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી – સદર કચેરી
- આપના કાર્યક્ષેત્રના સંકુલની શાળાઓમાં ઉપરોક્ત ઠરાવ અન્વયે દરખાસ્ત કરવાની કાર્યવાહી કરાવવા સારૂ.

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-૩, જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,સુરત.

Phone No: ૦૨૬૧-૨૬૬૨૯૦૨, Email Id : suratdeo@gmail.com

જા.નં/મા-૩/વર્ગ ઘટાડો/૨૦૨૫/૭૯૦૬

તા.૦૧-૦૮-૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત. જિ.સુરત.

**વિષય** :- ગ્રાન્ટેડ શાળામાં વર્ષ – ૨૦૨૫-૨૬માં વર્ગ ઘટાડો કરવાની દરખાસ્ત મોકલવા બાબત.

**સંદર્ભ** :- શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક : ED/GOM/e-file/3/2023/3163/G-1, તા.૨૧-૧૦-૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ દર્શિત ઠરા મુજબ અત્રેની કચેરીના તાબા હેઠળની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા નિયમ અનુસાર જળવાતી ન હોય તો તેમણે વર્ગ ઘટાડાની દરખાસ્ત અત્રેની કચેરીને સમયમર્યાદામાં કરવાની રહેશે.સમયમર્યાદામાં દરખાસ્ત રજૂ કરવામાં નહિ આવે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી સબંધિત આચાર્યશ્રીની અને શાળા મંડળની રહેશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત.

**નકલ રવાના તેમજ કાર્યવાહી કરવા સારૂ** :-

- શિક્ષણ નિરીક્ષકશ્રી તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી - સદર કચેરી
/- આપના કાર્યક્ષેત્રના સંકુલની શાળાઓમાં ઉપરોક્ત ઠરાવ અન્વયે દરખાસ્ત કરવાની કાર્યવાહી કરાવવા સારૂ.

બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા/વધારાના/ક્રમિક વર્ગ વધારા તથા વર્ગ ઘટાડા અંગેની કાર્યપદ્ધતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: ED/GOM/e-file/3/2023/3163/G-1

સચિવાલય, ગાંધીનગર

2 1 OCT 2024

**વંચાણે લીધા** :

1. શિક્ષણ વિભાગના તારીખ ૦૭/૧૨/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: ED/GOM/e-file/3/2023/3163/G-1
2. નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૮/૦૩/૨૦૨૪ નો પત્ર ક્રમાંક : COS/MVV/e-file/276/2024/0756/SECONDARY
3. નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૮/૦૫/૨૦૨૪ નો પત્ર ક્રમાંક : COS/MVV/e-file/276/2024/0756/SECONDARY

**આમુખ :**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (1) સામેના તારીખ ૦૭/૧૨/૨૦૨૩ ના ઠરાવથી બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા/વધારાના/ક્રમિક વર્ગ વધારા તથા વર્ગ ઘટાડા અંગેની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવેલ. નિયામકશ્રી, શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (2) સામેના તારીખ ૧૮/૦૩/૨૦૨૪ અને (3) સામેના તારીખ ૧૮/૦૫/૨૦૨૪ ના પત્રથી વિભાગના તારીખ ૦૭/૧૨/૨૦૨૩ ના ઠરાવમાં સુધારા કરવા દરખાસ્ત કરેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે, વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના વિભાગના તારીખ ૦૭/૧૨/૨૦૨૩ ના ઠરાવમાં નીચે મુજબના સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. ઉક્ત વિભાગના ઠરાવના મુદ્દા નં. (1)(I)(a) થી નીચે મુજબની જોગવાઇ ઉમેરવામાં આવે છે.

- માત્ર ધોરણ ૯ અને ૧૦ ના વર્ગ ધરાવતી અનુદાનિત શાળા દ્વારા સળંગ એકમ હેઠળ જે-તે પ્રવાહના ધોરણ-૧૧ ના પ્રથમ ક્રમિક વર્ગની માંગણી કરવામાં આવે ત્યારે તે શાળાની ૦૭ કિ.મી. ની ત્રિજ્યામાં તે જ પ્રવાહની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત હોય તો તે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાનું "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી દરખાસ્ત કરવાની રહેશે.
- અનુદાનિત શાળાને વર્ગવધારો આપતાં તેની ૦૭ કિ.મી. ત્રિજ્યાની અંદર હયાત સરકારી/ગ્રાન્ટેડ શાળાના વર્ગોની સંખ્યાને અસર ન થાય તે જોવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે.

૨. ઉક્ત ઠરાવના મુદ્દા નં. (1)(III) સંપૂર્ણ રીતે રદ કરી, મુદ્દા નં.1(III) ની જોગવાઇ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ ની કલમ ૧૯ (૧) અને કલમ (૨૮)ની જોગવાઇ અન્વયે શિક્ષકોના કાર્યભારને ધ્યાને લઇ નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ મહત્તમ શૈક્ષણિક મહેકમની મર્યાદામાં જ વર્ગદીઠ શિક્ષક મળવાપાત્ર થશે.

| શાળામાં માન્ય વર્ગોની સંખ્યા | માધ્યમિક | | | ઉચ્ચતર માધ્યમિક |
|---|---|---|---|---|
| | મળવાપાત્ર મહત્તમ શૈક્ષણિક મહેકમ | | | મળવાપાત્ર મહત્તમ શૈક્ષણિક મહેકમ |
| | આચાર્ય | શિક્ષકો | કુલ | |
| ૦૧ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૩ |
| ૦૨ | ૦૧ | ૦૩ | ૦૪ | ૦૫ |
| ૦૩ | ૦૧ | ૦૪ | ૦૫ | ૦૭ |
| ૦૪ | ૦૧ | ૦૫ | ૦૬ | ૦૯ |
| ૦૫ | ૦૧ | ૦૬ | ૦૭ | ૧૨ |
| ૦૬ | ૦૧ | ૦૮ | ૦૯ | ૧૪ |
| ૦૭ | ૦૧ | ૦૯ | ૧૦ | ૧૬ |
| ૦૮ | ૦૧ | ૧૧ | ૧૨ | ૧૯ |
| ૦૯ | ૦૧ | ૧૨ | ૧૩ | ૨૧ |
| ૧૦ | ૦૧ | ૧૪ | ૧૫ | ૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | ૦૧ | ૧૫ | ૧૬ | ૨૫ |
| ૧૨ | ૦૧ | ૧૭ | ૧૮ | ૨૬ |

નોંધ :

- શાળામાં ૧૨ કરતાં વધુ વર્ગોની સંખ્યાના કિસ્સામાં પણ દર્શાવેલ કોષ્ટક મુજબ માધ્યમિક વિભાગમાં અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મહેકમની ગણતરી કરવાની રહેશે.
- વિજ્ઞાન પ્રવાહ (ગણિત અને જીવવિજ્ઞાન) માં અગત્યના વિષય શિક્ષકની ખોટ રહેતી હોય તો નિયમાનુસારની કાર્યભારની વહેંચણી ધ્યાને લઇને જરુર મુજબ વિજ્ઞાન પ્રવાહ(ગણિત અને જીવવિજ્ઞાન) માં વધારાનો વિષય શિક્ષક આપવાનો રહેશે.
- સામાન્ય પ્રવાહમાં વાણિજ્ય તથા વિનયનના વિષય શિક્ષકની ખોટ રહેતી હોય તો નિયમાનુસારની કાર્યભારની વહેંચણી ધ્યાને લઇને જરુર મુજબ સામાન્ય પ્રવાહમાં વધારાનો વિષય શિક્ષક આપવાનો રહેશે.

૩. સદર ઠરાવના મુદ્દા નં.(1)(VI)માં નીચે મુજબની જોગવાઈનો ઉમેરો કરવામાં આવે છે.

- (VI)(a) સ્વ-નિર્ભર શાળા બંધ કરવા અને તે શાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક તમામ કર્મચારીઓને છુટા કરવા અંગે શાળા મંડળની સ્વ-ઘોષણાપત્રમાં બાંહેધરી લેવાની રહેશે.
- (VI)(b) ઉક્ત મુજબની કાર્યવાહી શાળામંડળ દ્વારા ન કરવાના સંજોગોમાં જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની તમામ નાણાકીય જવાબદારી સંબંધિત શાળામંડળની રહેશે તેમજ શાળા મંડળ સામે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૩૩ (૧) મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૪. વિભાગના તારીખ ૦૭/૧૨/૨૦૨૩ ના ઠરાવના મુદ્દા – (૩) માં (I) માં વર્ગ મંજૂરીની પ્રક્રિયા ૩૧ મી ઓગષ્ટ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે' તેમ દર્શાવેલ છે, પરંતુ શાળાઓની વિદ્યાર્થી સંખ્યા ૩૧ મી ઓગષ્ટની સ્થિતિએ નિયત થતી હોવાથી, 'વર્ગ મંજૂરીની પ્રક્રિયા ૧૫ મી સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરવાની રહેશે' તે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૫. ઉક્ત ઠરાવના મુદ્દા નં.(૩)માં (V)તરીકે નીચે મુજબની જોગવાઈનો ઉમેરો કરવામાં આવે છે.

(V) નિયામકશ્રી, શાળાઓ દ્વારા CTS ના આધારે દરેક માસના અંતે વિદ્યાર્થી સંખ્યા અને હાજરી સંદર્ભે માસિક સમિક્ષા કરી તેની યાદી સહિતનો ત્રિમાસિક અહેવાલ વિભાગને મોકલી આપવાનો રહેશે.

૬. ઉક્ત ઠરાવના મુદ્દા નં.(૪) માં (IV) તરીકે નીચે મુજબની જોગવાઇનો ઉમેરો કરવામાં આવે છે.

(IV) ધોરણ – ૯ તથા ધોરણ-૧૧ ના વર્ગ ઘટાડાની સાથે જ તેના આગામી વર્ષથી આનુષાંગિક ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ ના વર્ગ ઘટાડા કરવાના રહેશે.

૭. વિભાગના તારીખ ૦૭/૧૨/૨૦૨૩ ના વંચાણે લીધેલા ક્રમ (૮) અને (૯) સામેના ઠરાવોની જોગવાઇઓનો વિભાગના તારીખ ૦૭/૧૨/૨૦૨૩ ના ઠરાવમાં સમાવેશ થયેલ છે. આથી વિભાગના તારીખ ૧૭/૧૨/૨૦૧૫ અને તારીખ ૦૪/૦૨/૨૦૨૦ના ઠરાવો રદ કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણા વિભાગ મારફતે સરકારશ્રીની તારીખ ૧૮/૧૦/૨૦૨૪ નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અલ્કેશ ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ. (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારાફતે)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(ઠરાવ ઓનલાઇન મુકવા સારું)
- સેકશન અધિકારીશ્રી, ગ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ-૨૦૨૪